# રાજયમાં કોરોનાની અસર ઘટી

**રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૭૪૨ નવા કેસો નોંધાયા : રાજ્યમાં કુલ ૧,૨૨,૮૪૭ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૭૯૬ લોકો વેન્ટિલેટર પર, ૧,૨૨,૦૫૧ લોકો સ્ટેબલ**

ગાંધીનગર, તા.૧૩

રાજયમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. રાજયના લોકો માટે રાહતના સમાચાર છે. રાજયમાં કોરોના વાયરસના કેસમાં સતત ઘટાડો થઈ છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડામાં પણ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાર મહાનગરોમાં પણ હવે કોરોનાના નવા કેસમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે.

ગુજરાતમાં હવે પરિસ્થિતિ હવે ધીમે ધીમે થાળે પડી રહી છે. રાજયમાં સતત રસીકરણનું કામ ચાલી રહ્યું છે. ત્યારે રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૭૪૨ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૧૫,૨૬૯ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૫,૯૩,૬૬૬ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજયનો રિકવરી રેટ આજે ૮૧.૮૫ ટકાએ પહોંચી ગયો છે.

અત્યાર સુધીમાં ૧,૪૭,૧૮,૮૬૧ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. ત્યારે ગઈકાલ સુધીમાં કુલ ૧,૪૫,૬૭,૦૮૯ લોકોનું રસીકરણ કરાયું હતું. જ્યારે આજે કુલ ૧,૫૧,૭૭૨ લોકોનું રસીકરણ કરાયું છે. જેમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટ લાઈન વર્કરનું પ્રથમ ડોઝનું કુલ ૧૮,૫૧,૨૨૫ અને હેલ્થકેર વર્કર અને ફ્રન્ટ લાઈન વર્કરનું બીજા ડોઝનું કુલ ૯,૯૫,૬૯૩ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે.

૪૫ વર્ષથી વધુ ઉંમરના પ્રથમ ડોઝનું કુલ ૮૬,૬૦,૬૪૫ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. ૪૫ વર્ષથી વધુ ઉંમરના બીજા ડોઝનું કુલ ૨૭,૯૪,૦૮૪ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૮ થી ૪૫ વર્ષ સુધીના પ્રથમ ડોઝનું કુલ ૪,૧૭,૨૧૪ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજયમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૨૨,૮૪૭ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૭૯૬ લોકો વેન્ટિલેટર પર છે અને ૧,૨૨,૦૫૧ લોકો સ્ટેબલ છે. ૫,૯૩,૬૬૬ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૮,૮૪૦ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૧૫, સુરત કોર્પોરેશનમાં ૮, રાજકોટ કોર્પોરેશનમાં ૪, વડોદરા કોર્પોરેશનમાં ૬, જામનગર કોર્પોરેશનમાં ૫, ભાવનગર કોર્પોરેશનમાં ૪, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ અને જૂનાગઢ કોર્પોરેશનમાં ૪ દર્દીના મોત થયા છે. આ ઉપરાંત મહેસાણામાં ૪, વડોદરામાં ૪, રાજકોટમાં ૫, સુરતમાં ૬, અમરેલીમાં ૩, જુનાગઢમાં ૭, પંચમહાલમાં ૩, કચ્છમાં ૩, આણંદમાં ૧, જામનગરમાં ૪, ભરૂચમાં ૩, ગીર સોમનાથમાં ૧, ખેડામાં ૧, પાટણમાં ૨, દેવભૂમિ દ્વારકામાં ૧, ભાવનગરમાં ૧, ગાંધીનગરમાં ૨, સાબરકાંઠામાં ૨, દાહોદમાં ૧, મહિસાગરમાં ૨, નવસારીમાં ૧, અરવલ્લીમાં ૨, અમદાવાદમાં ૧, તાપીમાં ૧ અને છોટા ઉદેપુરમાં ૧ દર્દીઓનું મોત થયું છે.

## કોરોના કોર્નર

- બિહારમાં ૨૫મી સુધી લોકડાઉન લંબાવાયુ.
- યુ.પી.એસ.સી.ની ૨૭ મી જુને યોજાનાર પરીક્ષા હવે ૧૦ મી ઓક્ટોબરે યોજાશે.
- રાજ્યમાં ક્યાંય પણ પરશુરામ યાત્રાનું આયોજન નહીં થાય.
- રાજકોટ સિવિલમાં મ્યુકર માઈકોસીસના ૨૦૦ દર્દીઓ દાખલ થયા.
- ઓક્સિજન કોન્સ્ટ્રેટરના કાળાબજાર મામલે નવનીલ કાલરાના આગોતરા જામીનની અરજી ફગાવાઈ.
- સમગ્ર દેશમાં ઈદની નમાઝ બંધ રખાઈ.
- પ્રધાનમંત્રી મોદી કોરોનાથી વધુ અસરગ્રસ્ત જીલ્લાઓના કલેક્ટરો સાથે ૧૮ મીએ અને મુખ્યમંત્રીઓ સાથે ૨૦ મીએ વીડીયો કોન્ફરન્સ યોજાશે.
- દેશમાં આજ સુધીમાં કુલ ૧૭.૭૦ કરોડ નાગરીકોને વેક્સિન અપાઈ, જેમાં ૧૩.૭૫ કરોડને પ્રથમ ડોઝ અને ૩.૯૪ કરોડને બીજો ડોઝ અપાયો.
- સૌરાષ્ટ્રના ગામડાઓમાં સંક્રમણ વધ્યુ.
- દેશમાં છેલ્લા ૨૪ કલોકમાં કોરોનામાં ૪૧૨૦ના મૃત્યુ.

## આકરૂન્દ પંથકમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ, બે યુવાનોનાં મોત

### ૧૦૦ થી વધુ શંકાસ્પદ કેસ, એન્ટિજન ટેસ્ટ કિટની અછતથી લોકોમાં રોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

ધનસુરા તાલુકાના આકરૂન્દ પંથકમાં કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. પાછલા ૨૪ કલાકમાં બે યુવાનોના મોતથી પંથકમાં શોકનો માહોલ છે. જ્યારે ૧૦૦ થી વધુ શંકાસ્પદ કેસ હોવાની આશંકા છે. આરોગ્ય કેન્દ્રમાં જિલ્લા કક્ષાએથી એન્ટિજન ટેસ્ટ કિટ ઓછી ફળવાઈ રહી છે જેના કારણે રેપિડ ટેસ્ટ માટે આવતા લોકોને ધક્કા ખાઈને પરત ફરવાની નોબત આવી છે. આકરૂન્દ વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા ઘેર..ઘેર ફરી સર્વે હાથ નહીં ધરાય તો સ્થિતિ વધુ વણસશે તેવી સંભાવના છે.

કોવિડ-૧૯ની ગાઈડલાઈનની યોગ્ય અમલવારી છતાં પણ આકરૂન્દ વિસ્તારમાં કોરોના સંક્રમણની ગતિ વધી છે. એક સમય એવો હતો કે ધનસુરા તાલુકાના અનેક ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ પ્રસર્યુ પરંતુ આકરૂન્દમાં કોરોના દેખાયો ન હતો પરંતુ ત્યાર પછી બહારથી આવતા લોકોની અવર જવર અને ખરીદી માટે આવતા લોકોએ ગામમાં ચેપ પ્રસરાવતાં એક પછી એક અનેક લોકો સંક્રમિત થયા છે. પાછલા ૧ મહિનામાં આકરૂન્દ વિસ્તારમાં કોરોનાના કારણે ૭ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. પરંતુ જે રીતે કોરોનાએ હવે જીવલેણ સ્વરૂપ ધારણ કર્યુ છે અને તેમાં યુવાનોનો ભોગ લેવાઈ રહ્યો છે તેના કારણે કોરોનાનું નામ પડતાં જ પ્રજામાં ભય ઉભો થાય છે. કોરોનાનો ચેપ કોઈને લાગે તો નાસીપાસ થયા વગર યોગ્ય ડૉક્ટરની સલાહ લેવી અને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર ન હોવાનું ડૉક્ટર જણાવે તો પણ આવા સંક્રમિત દર્દીએ ફરજીયાત ૧૪ દિવસ ઘરમાં હોમ આઈસોલેશનમાં રહેવું જેના કારણે ઝડપથી સ્વસ્થતા મેળવી શકાય. આકરૂન્દ ગામના જાગ્રત નાગરિકે જણાવ્યું કે આરોગ્ય કેન્દ્રમાં કોરોના ટેસ્ટ માટેની કિટ ઉપલબ્ધ નથી અને ફાળવવામાં આવે તો પણ માંડ ૧૫-૨૦ કિટ ફળવાય છે જેથી કોરોના ટેસ્ટ માટે આવતા લોકો હાલાકીમાં મૂકાયા છે.

## જન્મદિને વધામણી


અજીતસિંહ જે. જોધ્ધા
મેઢાસણ, તા.મોડાસા


કૃષ્ણકુમાર બાબુભાઈ પટેલ
(મંત્રી : ધનસુરા તાલુકા પ્રા.શિક્ષક સંઘ)
અંતિસરા (મોડાસા)


ઉમંગ જશુભાઈ પટેલ
(તાલુકા પંચાયત કચેરી, બાયડ)
આકરૂન્દ, તા.ધનસુરા


કાર્તિક બિપીનભાઈ પટેલ
(વિવેકાનંદ સોસાયટી)
બાયડ (વડોદરા)


કૌશિકભાઈ કાન્તિભાઈ પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી


પ્રિયંક કેશાભાઈ પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા


મુકેશભાઈ એમ. પટેલ
(નિવૃત્ત આચાર્ય : અજુપુરા હાઈસ્કુલ)
આકરૂન્દ, તા.ધનસુરા


નિતાબેન એમ. ઉપાધ્યાય
વલ્લભનગર સોસાયટી,
બાયડ, જિ.અરવલ્લી

## અરવલ્લી જિલ્લા પંચાયત વિપક્ષ નેતા તરીકે વિમળાબા રાઠોડ

મોડાસા, તા.૧૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા અરવલ્લી જિલ્લા પંચાયત કોંગ્રેસના વિપક્ષના નેતા તરીકે શણગાલ બેઠક ઉપરથી ચૂંટાયેલા વિમળાબા બળવંતસિંહ રાઠોડની પસંદગી કરવામાં આવી છે. ઉપનેતા તરીકે મોટાકંથારીયા બેઠકના સભ્ય વનરાજભાઈ રમણલાલ ડામોર અને દંડક તરીકે કુંડોલપાલ બેઠકના રાજેશ્વરી કુંવરબા કર્ણવીરસિંહ ચંપાવતની નિયુક્તિ થઈ છે.

## દુઃખદ અવસાન



બાયડ : બાયડના નિલેષ (ગોપાલ)નવનીતભાઈ સોની (જલારામ મેડીકલ સ્ટોર્સ-અમદાવાદ)ના સસરા હરિદિનેશકુમાર બાબુલાલ સોની(હાલ રહે.ઘોડાસર, અમદાવાદ, મૂળ રહે. હરસોલ) નું હૃદયરોગના હુમલાથી નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે બેસણું રાખેલ નથી.

●●●



બાયડ : બાયડગામના સોમાભાઈ પટેલ, સ્વ. શંકરભાઈ પટેલના ભાઈ અને રાકેશભાઈ પટેલ (મૈત્રી પેથોલોજી લેબોરેટરી-બાયડ), રાજેશભાઈ પટેલના પિતા મનુભાઈ હીરાભાઈ પટેલનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિના કારણે બેસણું રાખેલ નથી માત્ર ટેલિફોનિક બેસણું રાખેલ છે.

●●●



બાયડ : મોડાસાના અલ્પેશ રાઠોડ (પત્રકાર)ના પિતા મોહનલાલ કોદરદાસ રાઠોડ (નિવૃત્ત મામલતદાર) (મૂળ રહે.વોલ્વા, તા. મોડાસા)નું ટૂંકી માંદગીના કારણે અવસાન થયેલ છે. સ્વર્ગસ્થે ગાંધીનગર, વિજયનગર, ભિલોડા, હિંમતનગર, ખેડબ્રહ્મા, માલપુર અને મોડાસામાં ફરજ બજાવી હતી અને લોકપ્રિય અધિકારી તરીકેની ખ્યાતિ મેળવી હતી.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

## મ્યૂકોરમાયકોસિસ : કોરોનાની સારવાર પછી સર્જાતી સમસ્યા સામે સજ્જતા અને સમજદારી



### મ્યૂકોરમાયકોસિસનાં લક્ષણો શું છે?

- કોવિડ-૧૯ના દર્દીઓ પોઝિટિવ હોય ત્યારે અથવા કોવિડમુક્ત થયા પછી મ્યૂકોરમાયકોસિસ થઈ શકે છે.
- નાક બંધ થઈ જવું, નાકમાંથી લોહી અથવા ભૂખરું કે કાળું પ્રવાહી નીકળવું, દુખાવો થવો, શ્વાસ ચઢવો.
- ચહેરા પર સોજો આવવો, દુખાવો થવો અથવા ચામડીનો અમુક ભાગ નિષ્ક્રીય થઈ જવો.
- માથામાં અલગ અલગ જગ્યાએ દુખાવો થવો.
- દાંત, પેઢા અથવા જડબામાં દુખાવો થવો.
- આંખમાં દુખાવો થવો, દૃષ્ટિ ધૂંધળી થઈ જવી, તાવ આવવો, ચામડી ફાટી જવી કે લોહી ગંઠાઈ જવું અને સાંધામાં દુખાવો થવો.
- તાવ, શરદી, છાતીમાં દુખાવો, ફેફસાં નબળાં પડવાં.

### મ્યૂકોરમાયકોસિસની અસરથી કેવી રીતે બચી શકાય?

- મ્યૂકોરમાયકોસિસની અસર થવા પાછળનું મુખ્ય કારણ અનિયંત્રિત ડાયાબિટીસ છે. તેથી કોવિડ સંક્રમિત વ્યક્તિની સાર સંભાળ વખતે લોહીમાં ગ્લુકોઝનું યોગ્ય સંતુલન જાળવવું જરૂરી છે.
- ઓક્સિજનની કમી વાળા દર્દીઓને યોગ્ય માત્રામાં જ સ્ટીરોઈડ આપવામાં આવે તે જરૂરી છે.
- જો સ્ટીરોઈડ આપવું જ પડે તેમ હોય તો બ્લડ સુગર ખાસ ચેક કરતા રહેવું.
- કોવિડના દર્દીને રજા આપવામાં આવે ત્યારે તેમને મ્યૂકોરમાયકોસિસના પ્રારંભિક લક્ષણો અંગે સાવધ કરવા જોઈએ.

### મ્યૂકોરમાયકોસિસનું નિદાન કેવી રીતે કરવું?

- શંકાસ્પદ દર્દીનું તાત્કાલિક CT-સ્કેન કરાવવું જોઈએ. તેના ROCM તથા મગજ સહિતના MRI-PNS ટેસ્ટ કરવા જરૂરી છે.
- માઇક્રોસ્કોપી અને બાયોપ્સી માટે કાન-નાક-ગળાના નિષ્ણાતની સલાહ લેવી.
- છાતીનો એક્સ-રે અને/અથવા HRCTમાં ફેફસાંમાં નાની-નાની ગાંઠ જોવા મળે અથવા ઇન્ફેક્શન જોવા મળે તો મ્યૂકોરમાયકોસિસ હોઈ શકે છે.
- ગેલેક્ટોમેનન અને બીટા-ગ્લુકન ટેસ્ટ સતત નેગેટિવ આવવો એ પણ પલ્મોનરી મ્યૂકોરમાયકોસિસનું એક લક્ષણ હોઈ શકે.

### મ્યૂકોરમાયકોસિસ અંગેની સાચી સમજ

- મ્યુકોરલ્સ કાળા કલરની ફંગસ નથીઃ કાળી ફંગસ જુદાં જુદાં પ્રકારની હોય છે.
- મ્યૂકોરમાયકોસિસ સંસર્ગજન્ય નથીઃ ચેપી નથી.
- તે ઓક્સિજીનેશન, ભેજયુક્ત હવા અને પાણી દ્વારા ફેલાતો નથી, ફંગસ બંધિયાર અને ખુલ્લા વાતાવરણમાં પણ હોય છે. તે શ્વસનતંત્રમાં હવા વડે પ્રવેશી શકે છે.
- જો કોઈ કોવિડ સંક્રમીત વ્યક્તિમાં આવી ફંગસનું પ્રમાણ ૧૦ ટકાથી વધુ ન હોય તો કોઈપણ પ્રકારની એન્ટિ ફંગસ દવા આપવી જરૂરી નથી.

## રાજ્ય સરકારની સજ્જતા

- **રાજ્યની ૧૪ સરકારી હોસ્પિટલ અને GMERS મેડિકલ કોલેજોમાં અલાયદા વોર્ડમાં ૮૮૦ બેડની વ્યવસ્થા સાથે સ્પેશિયલ વોર્ડ શરૂ કરાયા.**
- **મ્યૂકોરમાયકોસિસની સારવાર માટે આવશ્યક દવાઓ તથા Amphotericin B ઈન્જેક્શન્સના ૫,૦૦૦ ડોઝ મેળવી લેવાયા.**
- **મ્યૂકોરમાયકોસિસના નિવારણ અને સારવાર માટે ICMR અને AIIMS નવી દિલ્હી સાથે સતત વિચાર-વિમર્શ.**
- **અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાનોના તજજ્ઞ તબીબોના પરામર્શમાં સારવાર પદ્ધતિ-ટ્રીટમેન્ટ પ્રોટોકોલ તૈયાર.**
- **રાજ્યના નાક-કાન-ગળાના નિષ્ણાત તબીબો (ENT), આંખના નિષ્ણાત તબીબો (ઓપ્થેલ્મિક) તથા અન્ય નિષ્ણાત તબીબોને સારવાર માટે તૈયાર અને સુસજ્જ રહેવાની અપીલ કરવામાં આવી છે.**

### મ્યૂકોરમાયકોસિસ વિષે તજજ્ઞોનો શું મત છે?


**ડૉ. રાજેશ વિશ્વકર્મા**
વરિષ્ઠ કન્સલ્ટન્ટ,
ડાયરેક્ટર, પ્રોફેસર અને
કાન-નાક-ગળાના વિભાગના વડા,
એપોલો હોસ્પિટલ, અમદાવાદ

જેની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય અને વળી ડાયાબિટીસ કે કિડનીની બીમારી હોય એવા કો-મોર્બિડ દર્દીને આ તકવાદી ચેપ લાગવાની સંભાવના છે.

જેને કોરોના થયો હોય એ બધાને મ્યૂકોરમાયકોસિસ થવાની સંભાવના છે એવું જરાય નથી. સો એ માંડ બે કે ત્રણ વ્યક્તિને આ થાય. આંખમાં ઊંડે દુખે, ચહેરા પર દુખે, દાંત ઢીલા પડ્યા હોય એવું લાગે કે ચહેરા પર સોજા જેવું લાગે કે નાકમાં કાળાશ જેવું જણાતું હોય તો તરત ડોક્ટરનો સંપર્ક કરો. તરત નિદાન થાય તો સારવાર પણ થઈ જશે એટલે દર્દીઓએ ભય રાખવાની જરૂર નથી.


**ડૉ. અતુલ પટેલ**
ચેપી રોગોના નિષ્ણાત
ડાયરેક્ટર,
ચેપી રોગોનો વિભાગ, સ્ટર્લિંગ હોસ્પિટલ,
અમદાવાદ

સ્ટીરોઈડસ પણ મ્યૂકોરમાયકોસિસ થવાનું એક અગત્યનું ફેક્ટર છે. કોરોના દર્દીઓનું ડાયાબિટીસ વધારી દે છે. ડાયાબિટીસ, સ્ટીરોઈડ અને કોરોના વાયરસ આ ત્રણ ભેગા થાય છે ત્યાં મ્યૂકોરમાયકોસિસ થવાની સંભાવના વધી જાય છે.

સડેલા શાકભાજી, ઉકરડા કે જ્યાં સડો હોય છે ત્યાં આ ફૂગ ખૂબ જ મોટા પ્રમાણમાં હોય છે. કોરોના થાય, અંકુશહીન ડાયાબિટીસ હોય અને સ્ટીરોઈડ અપાય તો મ્યૂકોરમાયકોસિસના સેલમાંથી ફણગા ફૂટે છે અને એ સાયનસની પાતળી ત્વચામાં ઘૂસે છે.

ડોક્ટરોએ મ્યૂકોરમાયકોસિસના લક્ષણો દેખાય તો તરત જ નિદાન કરવું જોઈએ. ત્વરિત નિદાનથી દર્દીને ઘણી મદદ કરી શકાય તેમ છે.